| | |
|---|---|
| રજુ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | |
| વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૦ | |

**મે.ખેડા જીલ્લાના ચોથા એડીશ્નલ સેશન્સ જજશ્રીની અદાલતમાં, મુકામ :– નડીઆદ.**

**ક્રિમીનલ પ.અરજી નં. ૨૯૯/ ૨૦૨૬**
**આંક: –**

**અરજદાર :** દુર્ગાપ્રસાદ મોહનરામ ચોખારામ જાટ
ઉ.વ.પુખ્ત, ધંધો: નોકરી,
રહેવાસી :કપુરીયા,જી.જોધપુર,કપુરીયા.
(હાલ : સબ જેલ બિલોદરા )

**વિરૂધ્ધ**

**સામાવાળા :** ગુજરાત સરકારશ્રી

**બાબત :–** **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯ (ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩) મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી...**

**અરજદાર તરફે વિ.વ.શ્રી કે.બી.સોની**
**સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ**

**જજમેન્ટ**

(૧) આ કામના અરજદાર/આરોપીએ હાલની અરજી નડીઆદ ટાઉન પોલીસ સ્ટેશન પ્રોહી.ગુના રજીસ્ટર નં.–૧૧૨૦૪૦૪૬૨૬૦૧૦૫/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી)૮૧,૯૮(૨), તથા બી.એન.એસ. ની કલમ–૩૩૬(૨),૩૩૬(૩),૩૪૦(૨) મુજબના શિક્ષાનેપાત્ર ગુના અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯) અન્વયે સદર અરજી કરેલ છે.

(૨) સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવેલી. જે અન્વયે વિ.પી.પી.શ્રી હાજર થયેલા છે.

(૩) અરજદારના વિ.વ.શ્રીની દલીલ છે કે, અરજદાર નિર્દોષ છે, કહેવાતો ગુનો કરેલ નથી, એફ.આઈ.આર. માં અરજદારનું નામ ખોટી રીતે સંડોવેલ છે, સદર ગુનાની સજાની જોગવાઈ જોતા, સદર કેસ ચલાવવાની સત્તા નામદાર નીચેની અદાલતને છે જયારે જામીન આપવાની સત્તા અત્રેની અદાલતને છે, સદર કામે કોઈ મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરવાનો રહેતો નથી તેમજ મુ.માલ વાળી ગાડી અરજદારની માલીકીની નથી, આ કામના ફરીયાદી તથા સાહેદો સરકારી સાહેદ હોય પુરવા સાથે ચેડાં થવાની શકયતા રહેલ નથી,અરજદાર અરજીમાં જણાવેલ સરનામે કાયમી વસવાટ કરે છે, નાસી–ભાગી જાય તેવા નથી. વધુમાં જણાવે છે કે,જો અરજદારને વધુ સમય સુધી કસ્ટડીમાં રાખામાં આવે તો, કુંટુંબના ભરણપોષણનો વિકટ પ્રશ્ન ઉભો થાય તેમ છે,ગરીબ બાળ બચ્ચાંવાળા ઈસમ છે. અરજદાર ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં દર મુદતે હાજર રહેવાની તથા તપાસમાં સાથ–સહકાર આપવાની બાંહેધરી આપે છે, તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા ખુશી હોવાનું જણાવી અરજદારને જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

(૪) સરકાર તરફે વિ. પી.પી.શ્રીએ તેમની મૌખિક દલીલોમાં મહદઅંશે તપાસ કરનાર અમલદારના સોગંદનામા પ્રમાણેની હકીકત જણાવેલ છે. વિશેષમાં તેઓની દલીલોમાં રજુઆત છે કે, આ ગુનાની તપાસ હાલમાં ચાલુ છે. સદર ગુના કામે પકડાયેલ મુ.માલ દારૂ ડ્રાઈવર ચીન્ટુ કયાંથી લાવેલ અને ગાડીની માલીકીની તપાસ કરવા તથા ગાડીની બદલેલ નંબર પ્લેટ કયાંથી લાવેલ તેની તપાસ બાકી હોવાનું તથા સહ–આરોપીને પકડવાનો બાકી હોય જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો, તપાસને નુકશાન થાય તેમ હોવાનું જણાવી,આરોપીના જામીન નામંજુર કરવા જણાવેલ છે.

(૪.૧) સદર અરજીના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમના આંક: ૦૫ થી રજુ સોગંદનામામાં જણાવેલ છે કે, આ ગુનાની તપાસ હજી ચાલુ છે, સહ આરોપીને પકડવાનો હજી બાકી છે તેમજ તપાસના કામે ગુના કામે પકડાયેલ મુ.માલ દારૂ ડ્રાઈવર ચીન્ટુ કયાંથી લાવેલ અને ગાડીની માલીકીની તપાસ કરવા તથા ગાડીની બદલેલ નંબર પ્લેટ કયાંથી લાવેલ તેની તપાસ બાકી હોવાનું તથા સહ–આરોપીને પકડવાનો બાકી હોય જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો, તપાસને નુકશાન થાય તેમ જણાવી, અરજદાર આરોપીને જામીન પર મુકત નહી કરવા જણાવેલ છે

(૫) સાંભળ્યા. અરજી રજુ થયેલ દસ્તાવેજો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું

(૬) હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી)૮૧,૯૮(૨) તથા બી.એન.એસ. ની કલમ–૩૩૬(૨),૩૩૬(૩),૩૪૦(૨)મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનો આક્ષેપ છે. રજુ થયેલ પોલીસ પેપર્સ ધ્યાને લેતા,હાલના અરજદાર/આરોપી તથા આરોપી નં ૨ નાઓ વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો પ્રરપ્રાંતીય વિદેશી દારૂની બોટલો ૭૫૦ મી.લી

ની મળી કુલ્લે બોટલ નંગ ૧૨૭ જેની કુલ કી.રૂ ૩,૯૩,૬૭૦/- નો પ્રોહી મુદામાલ મારૂતી સુઝુકીની બલેનો ગાડી માં રાખી બલેનો ગાડી જેનો અસલ નંબર RJ-60-CH0096 ની નંબર પ્લેટ બદલી ગાડી ઉપર ખોટી બીજી નંબર પ્લેટ GJ 01 VC 6232 ની લગાવી ગાડીની ખોટી નંબર પ્લેટ ઠગાઈ કરવાના હેતુથી લગાવી તેનો ખરી નંબર પ્લેટ તરીકે ઉપયોગ કરી બલેનો ગાડીની કી.રૂ ૩,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ. ૫૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૬,૯૮,૬૭૦/- ના પ્રોહી મુદ્ધામાલ સાથે હાલના અરજદાર/આરોપી જાહેરમાંથી મળી આવી પકડાઇ જઇ ગંભીર પ્રકારનો ગુનો કરેલાનો આક્ષેપ છે. સદર ગુનાના અન્ય સહ આરોપીને પકડવાના બાકી છે. ગુનાની તપાસ હજી ચાલુ છે. વળી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતા, ગુના કામે પકડાયેલ દારૂ આ કામના આરોપી નં.ર ચિન્ટુ જે કયાથી લાવેલ અને કોને આપવાનો હતો તે દિશામાં તથા પકડાયેલ બલેનો ગાડી કોની માલીકીની છે તે સદર ગાડીની બદલેલ નંબર પ્લેટ આરોપી ચિન્ટુ કયાથી લાવેલ છે,તેની તપાસ કરવાની બાકી હોવાનું જણાય આવે છે. વળી, હાલના અરજદાર/આરોપીના જણાવ્યા મુજબ તેઓ વિરૂધ્ધ અગાઉ ઓસીયા પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટી એકટ મુજબનો ગુનો નોંધાયેલ હોવાનુ જણાવેલ છે તેમજ હાલના ગુનામાં સહ આરોપી પકડાયેલ ન હોય જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, તપાસને ગંભીર અસર થાય તેમ છે તેમજ ગુજરાતમા દારૂ બંધીનો કાયદો અમલમા હોવો છતાં, આરોપીએ વિદેશી દારૂની આંતરરાજ્ય હેરાફેરી કરી ગુજરાત રાજયમા દારૂ લઇ આવી ગંભીર ગુનો કરેલ છે.

(૭) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા કર્યા મુજબ, તપાસ પર વિપરીત અસર પડવાની સંભાવના, આરોપીની ગુનાહીત ભુમીકા તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા ગુનાની ગંભીરતા ધ્યાને લેતા, અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની

કલમ–૪૮૩ અન્વયેની વિવેકાધીન સત્તા વાપરવી ન્યાયોચિત અને વ્યાજબી જણાતું ન હોય ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લેતા, હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત માનું છું.

**:– હુકમ– :**

(૧) અરજદાર/આરોપી : **દુર્ગાપ્રસાદ મોહનરામ ચોખારામ જાટ,** રહેવાસી : કપુરીયા, જી.જોધપુર, કપુરીયા– નાઓની હાલની **ક્રિમીનલ પરચુરણ અરજી નં.૨૯૯/૨૦૨૬** આથી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) હુકમની નકલ સંબંધિત જેલ મારફતે અરજદાર/આરોપીને પુરી પાડવી.

હુકમ આજરોજ તારીખ: ત્રેવીસમી, માહે: માર્ચ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ
તા.૨૩/૦૩/૨૦૨૬
એસ.જે.રાણા

**(મુકેશકુમાર જયંતીલાલ બ્રહમભટ્ટ )**
**ચોથા એડીશ્નલ સેશન્સ જજ,**
**ખેડા–એટ,નડીઆદ.**
**(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)**